**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,**
છઠ્ઠો માળ, ગિફ્ટ વન,માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત.
ફોન: ૦૭૯ ૨૩૬૦ ૨૦૦૦,
ફેક્સ : ૦૭૯ ૨૩૬૦ ૨૦૫૪/૫૫
ઇ :મેલ એડ્રેસ-gerc@gercin.org, વેબસાઇટ :
www.gercin.org

**વિદ્યુત લોકપાલની જગ્યા માટે અરજીઓ માટે આમંત્રણ**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વિદ્યુત લોકપાલની જગ્યા ભરવા માટે અરજીઓ આવકારે છે. વિદ્યુત લોકપાલની ઓફીસ બરાક નં. ૩, પોલીટેકનીક, આંબાવાડી, અમદાવાદમાં આવેલી છે.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૯ મુજબ, નીચેની કક્ષાની વ્યક્તિઓ લોકપાલ તરીકે નિમણૂંક માટે પાત્ર ગણાશે.
(૧) નિવૃત જીલ્લા ન્યાયાધીશ, અથવા (૨) રાજ્ય સરકારના નિવૃત સચિવ, અથવા (૩) રાજ્ય કક્ષાએ ઓછામાં ઓછા ૩ વર્ષ માટે કોઇપણ વૈદ્યાનિક અર્ધ-અદાલતી સંસ્થાના સભ્ય કે અધ્યક્ષ હોદ્દો ધરાવતી કોઇપણ વ્યક્તિ, અથવા (૪) વીજળીના ઉદ્યોગમાં ખાસ કરીને વીજ-વિતરણનો અનુભવ ધરાવતા નિવૃત મુખ્ય ઇજનેર કે સમકક્ષ અધિકારી (૫) ૩૦ વર્ષનો વિદ્યુત ક્ષેત્રનો યાંત્રિક/વાણિજ્યિક વિષયોનો અનુભવ ધરાવતી વ્યક્તિઓ કે જેઓ ઓછામાં ઓછો ત્રણ વર્ષ કેન્દ્ર કે રાજ્ય વિદ્યુત નિયંત્રક આયોગનો અનુભવ ધરાવતા હોય.

વિદ્યુત લોકપાલ ગુજરાતી ભાષામાં કામ કરી શકે એ પ્રાધાન્ય છે. લોકપાલ ૩ વર્ષની મુદત માટે હોદો ધરાવશે. વધુમાં વધુ ૨(બે) વર્ષ સુધી આ મુદત વધારી શકાશે. ૬૫ વર્ષથી વધુ ઉંમરની કોઇ વ્યક્તિ લોકપાલ તરીકે નિમાશે નહીં. લોકપાલનું મહેનતાણું એકત્રિત રૂ.૬૦,૦૦૦/- પ્રતિમાસ રહેશે.

ઇચ્છા ધરાવતા અને લાયકાત ધરાવતા વ્યક્તિ સંપૂર્ણ બાયો-ડેટા કે જેમાં શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાતો દર્શાવેલ હોઇ તે સાથે અરજી સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, ઝોન-૫-સી, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫ ને મોકલી શકે છે.
અરજી જમા કરાવવાની છેલ્લી તારીખ **૨૨ જાન્યુઆરી-૨૦૨૧** રહેશે.

-સહી-

**ગાંધીનગર** **(રૂપવંત સિંહ, આઇ.એ.એસ)**
**તા. ૧૯/૧૨/૨૦૨૦** **સચિવ, જી.ઈ.આર.સી.**